# મહુવેજમાં રેતી ધોવાણનું ગંદું પાણી સીધું ઈક્કડ ખાડીમાં છોડાતાં વિવાદ

**કોસંબા અને સિયાલજ ગામના ખેડૂતો દ્વારા કલેક્ટરને રજૂઆત**



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળની મહુવેજ ગ્રામ પંચાયતની હદમાં સાવા ચોકડીથી કોસંબા તરફ જતા રસ્તા પર સ્વામીના આશ્રમની સામેના એક ખેતરમાં ચાલતી રેતી ધોવાની કામગીરીને કારણે સ્થાનિક પર્યાવરણ અને ખેતી સામે ગંભીર સંકટ ઊભું થયું છે. રેતી ધોવાણ બાદ નીકળતું પ્રદૂષિત પાણી સીધું ઈક્કડ ખાડીમાં છોડવામાં આવતું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આ મામલે કોસંબા અને સિયાલજ ગામના સ્થાનિક ખેડૂતો તેમજ રહેવાસીઓએ એકજૂટ થઈ સુરત કલેક્ટરને લેખિતમાં સામૂહિક રજૂઆત કરી કાર્યવાહીની માંગ કરી છે.

અગ્રણી અંદાજભાઈ શેખ સહિત આગેવાનોની રજૂઆતમાં જણાવ્યા અનુસાર ઈક્કડ ખાડીના પાણીનો ઉપયોગ સ્થાનિક ખેડૂતો સિંચાઈ માટે કરે છે. જ્યારે પશુપાલકો અને ખેતમજૂરો પણ આ જ પાણી પર નિર્ભર છે. પ્રદૂષિત પાણી ખાડીમાં ભળવાને કારણે પાણીની ગુણવત્તા બગડી રહી છે, જેનાથી ખેતીની જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને જમીન કઠણ બની રહી છે. પરિણામે શેરડી સહિતના પાકના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઉપરાંત અશુદ્ધ પાણીના ઉપયોગથી પશુઓ અને લોકોનાં આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું છે. ખેડૂતોએ માંગ કરી છે કે, GPCB દ્વારા ખાડીના પાણીના નમૂના લઈ તેનું લેબોરેટરી પરીક્ષણ કરાવવામાં આવે, અસરગ્રસ્ત ખેતરોની જમીનની ક્ષારતા, પીએચ અને ફળદ્રુપતાની તજજ્ઞો દ્વારા તપાસ થાય, રેતી ધોવાના સ્થળની તપાસ કરી સંચાલકો પાસે જરૂરી પરવાનગીઓ અને પર્યાવરણીય મંજૂરીઓ છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવે, જો પ્રદૂષણ સાબિત થાય તો જવાબદારો સામે પર્યાવરણ રક્ષણ કાયદા હેઠળ એફઆઈઆર નોંધી કડક કાર્યવાહી કરાય અને ખેડૂતોને થયેલા આર્થિક નુકસાનનું વળતર મળવું જોઈએ. જિલ્લા ખેતીવાડી અધિકારી, પોલીસ અધિક્ષક અને માંગરોળ મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ આ આવેદનપત્રની નકલ રવાના કરવામાં આવી છે. તંત્ર દ્વારા વહેલી તકે તટસ્થ તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકો આશા રાખી રહ્યા છે.

### ઇચ્છાશક્તિ હોય તો તંત્ર શું કરી શકે છે?

- » પાણીની ગુણવત્તા બગડવાથી ખેડૂતો, ખેતમજૂરો તથા પશુધનના આરોગ્ય સામે ગંભીર જોખમ રહેલું છે, તપાસ સાથે કાર્યવાહી થઈ શકે
- » પાણીમાં પ્રદૂષક તત્ત્વો છે કે નહીં અને તે ખેતી તથા પશુધન માટે કેટલું યોગ્ય છે તેની વૈજ્ઞાનિક તપાસ થવી જોઈએ
- » રેતી ધોવાની કામગીરી કરનાર વ્યક્તિ તેમજ સંબંધિત સ્થળના જવાબદાર વ્યક્તિઓનું નામ અને સરનામું શોધી તેમની જવાબદારી નક્કી કરવી
- » પ્રદૂષિત પાણી ઇક્કડ ખાડીમાં છોડાતું હોવાનું જણાય તો તેનો નિકાલ તાત્કાલિક અટકાવવા આદેશ થવો જોઈએ

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગના કાંટીપાડામાં આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગના કાંટીપાડા ગામે ગ્રામજનોને ઘરઆંગણે સુલભ અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી આયુષ્માન આરોગ્ય મંદિરનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેત્રંગ તાલુકા પંચાયતના સભ્ય રમણભાઈ પરમાર તથા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ નયનાબેન પ્રજાપતિના હસ્તે રિબિન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના સરપંચ તેજલભાઈ વસાવા, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના વડીલો, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર સંજયભાઈ તથા ફીમેલ હેલ્થ વર્કર મીનાક્ષીબેને આરોગ્ય મંદિર ખાતે ઉપલબ્ધ સેવાઓ અંગે માહિતી આપી હતી. આ કેન્દ્ર દ્વારા પ્રાથમિક સારવાર, સગર્ભા માતાઓની સંભાળ, બાળકોનું સમયસર રસીકરણ, બ્લડ પ્રેશર-ડાયાબિટીસની તપાસ, તાવ અને મેલેરિયા નિયંત્રણ તેમજ સ્વચ્છતા અંગે જનજાગૃતિ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

### રાજપારડીમાં નોનવેજ હોટલમાં મારામારી

ઝઘડિયા, ભરૂચઃ રાજપારડીથી ઝઘડિયા રોડ પર 'એ-વન બિરયાની' હોટલ ચલાવતા મહમંદ ઝુબેર ખાન પર શુક્રવારે સાંજે જીવલેણ હુમલો થયો હતો. બિરયાની પાર્સલ લેવા બાબતે થયેલી ગાળાગાળી બાદ રોનક વસાવા અને અન્ય ૪-૫ શખ્સ મોટરસાઇકલ પર પાછા આવ્યા હતા. રસોડામાં કામ કરી રહેલા હોટલ માલિક પર રોનક વસાવાએ લોખંડની પાઇપ વડે માથામાં ફટકો માર્યો હતો, જ્યારે અન્ય ઇસમોએ લાકડીઓ અને ઢીકા-પાટુ વડે ગંભીર માર માર્યો હતો. બનાવ બાદ આસપાસના લોકો ભેગા થતાં હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઇજાગ્રસ્ત માલિકને તાત્કાલિક અવિધા સરકારી હોસ્પિટલ ખસેડાયા છે. રાજપારડી પોલીસે રોનક વસાવા સહિત પાંચ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### માંડવીની બાલકૃષ્ણ ગૌશાળા ખાતે ડો.પ્રવીણભાઈ તોગડિયાનું આગમન



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી ખાતે આવેલી 'OneStep4 Help Foundation' સંચાલિત બાલકૃષ્ણ ગૌશાળાની મુલાકાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (AHP) ના અધ્યક્ષ અને સંસ્થાપક તથા પ્રખ્યાત M.S. સર્જન ડો.પ્રવીણભાઈ તોગડિયાનું વિશેષ આગમન થયું હતું. ડો.તોગડિયાજીની આ મુલાકાત ગૌશાળા પરિવાર માટે અત્યંત ગૌરવ અને પ્રેરણાનો પ્રસંગ બની રહી હતી. મુલાકાત દરમિયાન ગૌશાળાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા ડો.પ્રવીણભાઈ તોગડિયાજીનું પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ગૌસેવા અને લોકકલ્યાણ બદલ વિશેષ સ્મૃતિચિહ્ન સાથે સન્માનિત કરાયા હતા.

### ઓલપાડમાં સ્પીડબ્રેકર પર મોપેડ સ્લિપ થતાં યુવતીનું મોત, ભાઈ ઘાયલ

સાયણઃ કીમ-ઓલપાડ સ્ટેટ હાઇવે પર શિવમનગર સામે સ્પીડબ્રેકર પર મોપેડ સ્લિપ થઈ જતાં ૨૧ વર્ષીય યુવતીનું મોત નીપજ્યું હતું. જ્યારે તેનો ૧૬ વર્ષીય ભાઈ ઈજાગ્રસ્ત થયો છે. મૂળ રાજસ્થાન અને હાલ કીમ ખાતે રહેતા અભિમન્યુસિંહ રાજપુરોહિતના ઘરે નવરાત્રિની ઉજવણી માટે તેલંગાણાથી તેમનાં સાળાનાં સંતાનો મૈત્રી (ઉં.વ.૨૧) અને દીપક (ઉં.વ.૧૬) આવ્યાં હતાં. ગત તા.૨૩ના રોજ બંને ભાઈ-બહેન કપડાંનું ફિટિંગ કરાવવા મોપેડ પર ઓલપાડ બજારમાં ગયાં હતાં. કામ પતાવી પરત કીમ આવતી વખતે શિવમનગર પાસે સ્પીડબ્રેકર પર દીપકે મોપેડ પરનો કાબૂ ગુમાવતાં બંને રોડ પર પટકાયાં હતાં. આ અકસ્માતમાં મૈત્રીના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઈજાગ્રસ્ત દીપકની સારવાર ચાલી રહી છે.

# દ.ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારોમાં વીજકાપ રદ

**ઉત્પાદન પ્રક્રિયા અને રોજગારીને અસર ન થાય એ હેતુથી સરકારનો નિર્ણય**

અંકલેશ્વર, ભરૂચઃ દક્ષિણ ગુજરાતમાં ઊર્જા સંકટની સ્થિતિ વચ્ચે ઔદ્યોગિક વિસ્તારોમાં લાગુ કરવામાં આવેલો વીજકાપ રદ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લેતાં ઉદ્યોગકારો અને કર્મચારીઓને મોટી રાહત મળવાની આશા જાગી છે. રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ નિર્ણયને આવકારતાં જણાવ્યું હતું કે, ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયા ખોરવાય નહીં અને કામદારોની રોજગારી પર પ્રતિકૂળ અસર ન પડે તે હેતુથી સરકારે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર પરિસ્થિતિ અને વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને ઔદ્યોગિક વિસ્તારોમાં વીજકાપ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ઔદ્યોગિક એકમોને ઉત્પાદન કામગીરી સતત ચાલુ રાખવામાં મદદ મળશે, સાથે જ ઉદ્યોગો સાથે સંકળાયેલા કર્મચારીઓને પણ રાહત મળશે.

# તાતીથૈયા ગામમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

**ત્રણ આરોપીઓ રૂ.૧.૮૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા**



ઇલ્યાસ શેખ

પલસાણાઃ કડોદરા GIDC પોલીસે તાતીથૈયાની અનંતમ ફેબ્રીક કંપનીમાં થયેલી રૂ.૧.૫૦ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી દીધો છે. પોલીસે બાતમીના આધારે કડોદરાના હનુમાનજી મંદિર પાસેથી મોટરસાઈકલ પર સવાર ત્રણ આરોપીની ધરપકડ કરી છે.

પકડાયેલા આરોપીઓમાં અભિષેક પ્રદીપ શર્મા, રામચન્દ્ર કલ્લુ જગાવ સોનકર અને રીક્કી ઉર્ફે યશ કાન્તીપ્રસાદ કુમાર (તમામ મૂળ ઉત્તર પ્રદેશના)નો સમાવેશ થાય છે. મુખ્ય આરોપી અભિષેક અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસે તેમની પાસેથી રૂ.૧,૧૦,૦૦૦ રોકડ, બે મોબાઈલ ફોન અને મોટરસાઈકલ મળી કુલ રૂ.૧,૮૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ત્રણેય વિરુદ્ધ કડોદરા પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરાઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કુડસદના રણછોડ નગરમાં બંધ મકાનમાં આગ ભભૂકી



કુડસદઃ ઓલપાડના કુડસદના રણછોડનગરમાં બંધ મકાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગવાની ઘટનાને પગલે સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર કુડસદના રણછોડનગરમાં આવેલા બંધ મકાનમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગની જાણ થતાં જ સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો છંટકાવ કરી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી માંગરોળ તાલુકા વેલફેર એસોસિએશનની ફાયર ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. ફાયર ટીમ અને સ્થાનિકોના પ્રયાસોથી આગને કાબૂમાં લેવામાં આવી હતી.

### કડોદના વેપારી સાથે ઠગાઈ થતાં ફરિયાદ

બારડોલીઃ કડોદના સોની ફળિયામાં રહેતા અને લાકડાનો વેપાર કરતા ભરતકુમાર ધનસુખલાલ શાહ ગત તા.૧૩/૧૦/૨૦૨૬ના રોજ વડોદરાના વાઘોડિયા ખાતે કામ અર્થે ગયા હતા. બપોરે જ્યારે તેઓ ડ્રાઇવિંગ કરી રહ્યા હતા. ત્યારે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી એક સ્પામ કોલ આવ્યો હતો, જે તેમણે ઉપાડીને તરત કાપી નાંખ્યો હતો. થોડા સમય બાદ બેંક ઓફ બરોડાના સર્વિસ નંબર પરથી તેમને ફોન આવ્યો હતો, જેમાં તેમના ખાતામાંથી પૈસા કપાઈ ગયાની અને સાયબર ફ્રોડ થયાની જાણ કરવામાં આવી હતી. વિગતો મુજબ આરોપી આસિફ લસ્કર નામના શખ્સે કોઈ એપ્લિકેશન કે અન્ય રીતે ફરિયાદીનો મોબાઈલ હેક કરી તેનું એક્સેસ મેળવી લીધું હતું. ત્યારબાદ અલગ અલગ ખાતામાંથી યુ.પી.આઈ. દ્વારા રૂ.૯,૨૭,૨૩૩ની ઓનલાઈન છેતરપિંડી આચરતાં સાયબર ક્રાઈમ બાદ બારડોલી રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### વણેશામાં શૌચાલયની જગ્યા મુદ્દે બખેડો

પલસાણાઃ પલસાણાના વણેશા ગામના માહ્યાવંશી ફળિયામાં જગ્યા અને બાંધકામ બાબતે બે પડોશી પરિવારો વચ્ચે બોલાચાલી બાદ મામલો પલસાણા પોલીસ મથકે પહોંચ્યો છે. ઈંદિરાબેન પરમારે આરોપ લગાવ્યો છે કે શાંતિલાલ કંથારીયા અને તેમના પરિવારજનો તેમના સંડાસ-બાથરૂમ તોડી રહ્યા હતા. અટકાવતા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સામા પક્ષે શાંતિલાલ કંથારીયાએ ક્રોસ ફરિયાદ નોંધાવી છે કે પોતાના ઘરનો કાટમાળ હટાવતી વખતે ઈંદિરાબેન અને તેમનાં સ્વજનોએ કામ બંધ કરાવી ગાળાગાળી કરી ધમકી આપી હતી. પલસાણા પોલીસે સામસામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કનબુડી શાળાના મકાન બાંધકામનો વિરોધ

ચિકદાઃ ડેડિયાપાડાના કનબુડી ગામની પ્રાથમિક શાળાના નવા મકાનના બાંધકામને લઈને વિવાદ ઊભો થતાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. શાળાનું બાંધકામ આગળ વધારવા અને ગામનાં બાળકોને યોગ્ય શૈક્ષણિક સુવિધા ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી છે. કનબુડી ગામની પ્રાથમિક શાળાના નવા મકાનના બાંધકામ માટે જરૂરી મંજૂરીઓ મેળવ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, જમીન સંબંધિત વિવાદ અને કાનૂની કાર્યવાહી વચ્ચે બાંધકામની કામગીરીમાં અવરોધો ઊભા થયા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે.

### હનુમાન ચાલીસા કેન્દ્રો થકી સેવા અને સ્વાસ્થ્ય પ્રવૃત્તિઓનો વિસ્તાર કરાશે



વિનોદ મૈસુરીયા

વાંકલ : આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો પ્રવીણ તોગડિયાએ માં ગરોળ વિસ્તારની મુલાકાત દરમિયાન મોટી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, દેશભરમાં ચાલી રહેલા 30 હજાર જેટલા હનુમાન ચાલીસા કેન્દ્રો હવે માત્ર પૂજા-પાઠ પૂરતા સીમિત ન રહેતા સેવા અને સ્વાસ્થ્ય કેન્દ્રો તરીકે કાર્ય કરશે. આગામી સમયમાં આ કેન્દ્રોની સંખ્યા વધારીને લાખો સુધી પહોંચાડાશે.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ. ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**હાર્ડવેર, ટૂલ્સ,**
નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તારપાઉલીન, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 9898063315

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**હાર્ડવેર, બિલ્ડીંગ**
મટીરીયલ્સ ની ચાલુ દુકાન, માલ- સામાન, ડેડ સ્ટોક, ભંગાર કરતા સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. બાબુભાઈઃ- 9979952191

**જમીન વેચવાની છે**
ગામઃ-કમલાપોર, તાઃડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જૂની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મોઃ9725710000

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**જુનો સામાન લેવામા**
આવશે જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી, તેમજ તમામ પ્રકારનો જુનો સામાન. તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413

મિલ્કત લે-વેચ

**મહિધરપુરા હરિપુરા**
આજુ બાજુ પ્લોટ, મકાન, ફ્લેટ લેવા વેચવા 9879276073

**પ્લોટ, બંગલો, ફ્લેટ**
લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લેપોઈન્ટ, વેસુ, 9879276073

**વકીલ, CA, આર્કીટેક**
ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લે પોઈન્ટ 98792760763

**વેચવાની છે જગ્યા**
કુવરદા ગામ (કીમ પાસે)
3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height
બોઈલર શેડ 800 sq.ft.
RCC ઓફિસ 1600 sq.ft.
કારીગરોની રૂમ સીક્યુરીટી કેબીન 100 KW પાવર
9825511699

મિલ્કત વેચવાની છે

**Weekend Studio flat**
Rajhans Belleza Dumas For Sale Mb 9327166652

**Rajhans texpa**
Baleshwar Industrial Plot For sale 1280 yard. Mb 9327166662

**ભેસાણ બરબોધન**
રોડટચ સોસાયટીમાં 98-વારનો પ્લોટ 32 લાખમાં વેચવાનો 9537677005

**સ્વાતી સોસાયટી**
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001

**2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ**
Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001

**કોમર્શિયલ ઓફિસ**
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી-ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો.ફૂટ ઓફિસ નં. 403: 2436 ચો.ફૂટ સુવિધાઓઃ ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઇન નજીક. સંપર્કઃ 9726009242

**રેસ્ટોરન્ટને લગતો**
કિચનનો સામાન તથા ટેબલ ખુરશી વેચવાના છે 6353661511

**અડાજણ T.P 10**
1890 સ્કેફિટનો ફ્લેટ વેચવાનો. 9601662923

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**1 BHK. ફ્લેટ**
વેચવાનો. 25 લાખ. ફુલ્લી ફર્નિચર સાથે, ત્રીજો માળ, ડીમાર્ટની બાજુમાં, અડાજણ. 9909601200

**વેચવાનુ છે**
કડોદરા ૩૬૦૦૦ વાર એને ફેક્ટરી ૪૦૦ x ૨૦૦ ફુટ શેડ ડોમ ૪૦ ફૂટ હાઈટ પાવર ૧૨૦૦ કેવી જી.પી. સી.પી. પાણી મીઠુ પેપર મીલ ડાઈંગ લાયક MO. 8200006737

**વેચવાનુ છે**
(1) પાંડેસરા જીઆઈડીસી ૩૦૦૦ વાર ૧૨૦૦ વાર પ્લોટ શેડ. (2) સચીન જી.આઈ.ડી.સી ૧૦૦૦૦ મીટર ૫૦૦૦ મીટર ૩૦૦૦ મીટર ૧૦૦૦ મીટર (3) હોઝીવાલા શેડ પ્લોટ ડોમ (4) ઉધના સંઘ ૧૨૦૦ વાર ૬૦૦ વાર ૩૦૦ વાર પ્લોટ શેડ ડોમ ડાઈંગ હાઉસ રનીંગ પાણી મીઠુ Mo. 8200006737

**શેડ સાથે ગોડાઉન ભાડે આપવાનું છે**
વેર હાઉસ પાર્કિંગ
32x85, 150x45
110 એચ પી પાવર, પાણીની સુવિધા, લેબરને રહેવા માટેની રૂમોની સુવિધા સાથે
ગાયત્રી ઉદ્યોગ નગર, તરસાડી, મહુવા તાલુકો સુરત જિલ્લા
સંપર્કઃ +919825309509

**દુકાન/ ઓફિસ**
નં. ૧૦૯ પહેલો માળ, કાર્પેટ એરિયા ૨૮૦ ચો.ફુટ, ફોર્ચ્યુન હાઈસ્ટ્રીટ, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, પાલ, 9426119868

**મક્કાઈપુલ, અડાજણ**
405 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

નોકરી વિષયક

**પાર્ટ ટાઈમ જોબ**
સવારે 9 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભળવાનું પગાર- 8000 9106715389 (સુરતનાં રહેવાસી એજ ફોન કરવો) (378)

**વરાછાના રેપ્યુટેડ**
બીલ્ડરને સારા બાંધકામ લાઇનના અનુભવી સ્ટાફ જોઇએ. વરાછા માટે. સાઈટ સુપરવાઈઝર- 4, સાઈટ એન્જીનીયર- 3. 9909150537

**જોઈએ છે**
150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી
MO. 91515 97171

**હાર્ડવેરની દુકાનમા**
કામ કરવા માટે માણસ જોઈએ છે. Mo. 9898063315

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**30 વર્ષ જૂના જાણીતા**
રાજુમોદી. દિવાળીમાં કેરેલા, મુનાર, ઠેકડી, એલેપી, કોવલમ, પુવાર, જટાયુ, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, સુરતથી સુરત. 9374512979 (379)

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદરણ) 7802062340 (380)

**પ્રથમ ટ્રાવેલર્સ.**
દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાટુશ્યામ, સાંવરિયા શેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજય પારેખ, કતારગામ. 9825344459.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, (ફક્ત 9 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**કચ્છ રણોત્સવ**
જાણીતું, માનીતું નામ કિંજલ શાહ સંગાથે માણો કચ્છ રણોત્સવ- સફેદ રણ. કચ્છ, ભુજ/ માતાનો મઢ સાથે માંડવી (જુજ સીટ બાકી) JOY ENJOY TRAVEL PLANNER (KINJAL SHAH) 9426157371.

**ઓમશિવ ટ્રાવેર્લ્સ**
બેસતુવર્ષ (તિરૂપતિ બાલાજી, રામેશ્વરમ, શ્રીશૈલમ, કન્યાકુમારી, મૈસુર) (કચ્છ, માંડવી, સફેદરણ, માતાનોમઢ, કોટેશ્વર, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિતૌડગઢ, ખાટુશ્યામ, શ્રીનાથજી, માઉન્ટઆબુ) (હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (જોધપુર, જેસલમેર, જુનારણુજા) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**વેલુક દાંડી રોડ પર**
1750 વારનુ ફાર્મ હાઉસ ભાડેથી આપવાનું છે. Mo. 9662140043

મિલ્કત ભાડે -વેચાણ

**વેસુમાં ઓફિસ**
ભાડે અથવા વેચાણ માટે આપવાની છે. મો.- 9825675679

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.